ગાંધીનગર સમાચાર

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ એન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫

### ૩૬૪૩ બોટલ બ્લડ ડોનેટ કરવા બદલ

# કડી સર્વ વિદ્યાલયને રાજ્યપાલના વરદ હસ્તે એવોર્ડ એનાયત કરાયો




કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રાર એસ. કે. મંત્રાલા અને એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર પરાષભાઈ પટેલે એવોર્ડ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિદ્યાલયને તાજેતરમાં રાજ્યપાલના હસ્તે એવોર્ડ પ્રાપ્ત થયો છે.

કડી સર્વ વિદ્યાલયના પૂર્વ ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલની જન્મ જ્યંતિ નિમિત્તે વર્ષ ૨૦૧૨થી સતત દર વર્ષે ગાંધીનગર અને કડી કેમ્પસમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેના અનુસંધાને રેડક્રોસ, અમદાવાદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના હસ્તે કડી સર્વ વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૧૨થી સતત બલ્ડ ડોનેશન કાર્યક્રમ આયોજન કરી કુલ ૩૬૪૩ બોટલ બ્લડ ડોનેટ કરવા બાબતે એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થા તરફથી સર્વ વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રાર એસ. કે. મંત્રાલા અને એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર પરાષભાઈ પટેલે હાજર રહી એવોર્ડ સ્વીકાર્યો હતો.

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત પત્રકારત્વના વિદ્યાર્થીઓએ

# ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



પી.આઈ. મીનાક્ષીબેન પટેલે પોઝીટીવ જર્નાલીઝમ અંગે સુચનો આપ્યાં

ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત પત્રકારત્વના વિદ્યાર્થીઓ ધ્વારા ક્રાઈમ રીપોર્ટીંગનો પ્રેકટીકલ અનુભવ કર્યો હતો.

સેકટર-૧૬ માં આવેલ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ. મીનાક્ષીબેન પટેલ સાથે મળીને પોલીસ સ્ટેશનમાં બનતા ગુન્હા અંગે માહીતી મેળવી હતી. જેમાં વિદ્યાર્થીઓને બીજા પોલીસ સ્ટેશન કરતા મહિલા પોલીસ સ્ટેશનનો અલગ જ અનુભવ થયો હતો. મહિલા પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદી ફરીયાદ નોંધાવા આવે ત્યારે ફરીયાદીની ફરીયાદ સીધી જ નોંધવામાં નથી આવતી પહેલા ફરીયાદીને શાંતિથી સાંભળવામાં આવે છે અને મહિલા પોલીસ સ્ટેશનમાં મોટાભાગની ફરીયાદ પતિ-પત્નિના નાના મોટા ઝઘડાની જ હોય છે, એટલે બને ત્યાં સુધી બંને પક્ષે સમાધાન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે અને બંનેને શાંતિથી સમજાવી ઘર ના તુટે તેવી ભાવના સાથે સમાધાન કરાવામાં આવે છે. ગાંધીનગરમાં મહિલા પોલીસ સ્ટેશન ૨૦૧૦ માં અસ્તિત્વમાં આવ્યુ છે. બીજા પોલીસ સ્ટેશન કરતા મહિલા પોલીસ સ્ટેશન અલગ પડે છે કેમ કે બીજા પોલીસ સ્ટેશનમાં દરેક પ્રકારના ગુના આવતા હોય છે, જયારે મહિલા પોલીસ સ્ટેશનમાં મહિલાઓ ઉપર થતા અત્યાચારના જ ગુનાઓ આવતા હોય છે. મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાતા ગુન્હા વિશે પી.એસ.ઓ. મીરાબેન અને કોકીલાબેન ધ્વારા પત્રકારના વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ દવે



દેવજીભાઈ મકવાણા



ખેમીબેન મકવાણા




લક્ષ્મણસિંહ સી રાઠોડ
મો. ૯૭૧૪૭ ૬૭૧૪૮



વિજય ડી રામી
મો. ૯૮૨૪૬ ૭૯૮૬૦



દીપ રાજેશ સોની



પર્વ કે શાહ



હિર જિજ્ઞેશ સુખડીયા
મો. ૯૭૧૩૪ ૨૬૭૭૦



રીગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૨૪૦ ૦૩૦૧૨



કવિશ ગોપલાણી
મો. ૯૪૨૭૦ ૪૭૦૯૧

# 'આપણે તો છીએ બિન્દાસ્ત' નામે નવી ગુજરાતી ફિલ્મ




ગાંધીનગર, તા. ૬

આગામી વૅકેશનના સમયમાં એક નવી ગુજરાતી ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે, જેનું શિર્ષક છે 'આપણે તો છીએ બિન્દાસ્ત.'

ફિલ્મ વિશે વાત કરતાં નિર્માતા નરેશ દવે, જયશ્રી દવેએ જણાવ્યું છે કે ગુજરાતીઓ મ્યુઝીક લવર્સ છે. ડાન્સીંગ, રોમેન્ટીક સોંગ કે પછી પ્રેયર - ગુજરાતીમાં ઘણા વર્ષોથી કોઈ નવી વસ્તુ આવી નથી. આથી અમે લોકોની ડિમાન્ડ સંતોષવાનો પ્રયત્ન કર્યો છે. અમને આશા છે કે ફિલ્મ બધાનાં દિલ જીતી લેશે.

આ ફિલ્મ સંપૂર્ણ પારિવારિક છે અને તેમાં કોઈપણ દ્વિઅર્થી સંવાદો કે નિમ્ન કક્ષાના ડાયલોગ્સ નથી. એમાં ત્રણ મિત્રોની વાત છે, જે એકદમ બિન્દાસ્ત છે. સુખી સંપન્ન પરિવારમાંથી આવતા હોવાથી તેમને કોઈ વસ્તુ ન કરાય એવું લાગતું નથી. પોતાની વાત મનાવવા કે બીજાની મજાક ઉડાવવામાં તેઓ જરાય ખચકાતા નથી. પણ જ્યારે આ યુવાનો કોઈ ચેલેન્જ ઉપાડી લે છે, જે સાવ અશક્ય છે ત્યારે આ યુવાનો કેવી રીતે ચૅલેન્જનો સામનો કરે છે અને શું પરિણામ આવે છે તે દર્શાવતી એક સંદેશો આપતી ફિલ્મ છે. મસ્તી, મજાક, તોફાન, હાસ્ય, રોમાન્સ અને ઈમોશન્સને સાંકળી લેતી આ એક સંપૂર્ણ મનોરંજક ફિલ્મ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ફિલ્મમાં વિકી શાહ, પ્રવિણ ગુંડેચા, કૈલાશ શહાદપુરી, પ્રિયંકા ત્રિવેદી, કિર્તી ઠક્કર, રચના વ્યાસ વિવેક બગથરિયા, હિતેશ રાવલ, જૈમિની ત્રિવેદી, સુભાષ બ્રહ્મભટ્ટ, દિપ્તી જોષી, ભાર્ગવ જોષી અને ઋષિકેશ પોટા અભિનય આપી રહ્યાં છે તથા ધવન મેડાવા ખાસ ભૂમિકામાં છે.

### ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ખાતે

# ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન સમારોહ યોજાયો






ગાંધીનગર, તા. ૬

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન સમારોહ યોજાયો. તેમાં ૧૯૭૮થી મહાવિદ્યાલયની શરૂઆતથી આજ દિન સુધી મહાવિદ્યાલયમાં સ્નાતક થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ ડો.અનામિકભાઈ શાહ કુલનાયક ગૂજરાત વિદ્યાપીઠ, સંયોજક ડો.કનૈયાલાલ નાયક, જમનાદાસ સાવલીયા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘના પ્રમુખ મનીષભાઈ પટેલ, પૂર્વ અધ્યાપક મિત્રો, મહાવિદ્યાલયનો સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યો હતો. ડો.કનૈયાલાલ નાયકે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ડો.ધ્વનિલભાઈ પારેખે સંસ્થામાં આવેલ પરિવર્તન અને વિવિધ ચાલતી પ્રવૃતિઓનો ચિતાર રજૂ કર્યો હતો. પ્રતિભાવ આપતા પૂર્વ વિદ્યાર્થી અજીતભાઈ પટેલે કહ્યું કે 'વિદ્યાપીઠે અમારી જિંદગીનું ઘડતર કર્યું છે. અમને નવી જિંદગી જીવવા માટેની તક પૂરી પડી છે' મહેન્દ્રભાઈ ઠાકરે જણાવ્યું કે 'વિદ્યાપીઠમાંથી અમને શિક્ષણ ઘડતરની સાથે સાથે જીવન ઘડતરના પાઠ શીખવા મળ્યા છે'. આર. એ. પટેલે જણાવ્યું, વિદ્યાપીઠના શિક્ષણ અને કેળવણી થકી અમે આજે સમાજમાં સેવાની પ્રવૃત્તિ કરી શકયા છીએ'. મણિશંકરભાઈ બારિયાએ જણાવ્યું કે આજથી ૩૩ વર્ષ પહેલા જીવન ઘડતરના બીજ અમારામાં સાદરા વિદ્યાપીઠમાંથી રોપાયા છે. આમ, ઈન્દ્રજીતસિંહ ચૌહાણ, મહેશભાઈ પટેલ, ચંદુભાઈ, ઈલીયાસ મન્સૂરી, પ્રકાશભાઈ ભટ્ટ, સનાતનભાઈ પંડ્યા વગરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના ભૂતકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. અધ્યાપકોએ પણ પોતાના અભિપ્રાય આપ્યા હતા તેમાં ડો. ગુલાબભાઈ પટેલ, ડો. ગાયત્રીદત્ત મહેતા અને પ્રભુભાઈ પંચાલે વિદ્યાર્થીઓને સુભેછાઓ પાઠવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ કુલનાયક ડો.અનામિકભાઈ શાહે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે ગૂજરાત વિદ્યાપીઠ એ ગાંધી વિચારની શક્તિપીઠ અને ગાંધી જીવન મૂલ્યોની પ્રજ્ઞાપીઠ બની રહી છે. વિદ્યાપીઠ આજે સમાજમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. વિશ્વમાં જુદા જુદા ખૂણામાં રહી વિદ્યાપીઠનો વિદ્યાર્થી કેળવણી અને ગાંધી વિચારના માધ્યમથી સાદગી અને પ્રમાણિકતા અને ગાંધી મુલ્યોની સુંગંધ ફેલાવી રહ્યો છે. પ્રમુખ મનીષભાઈ પટેલે પણ સમાજમાં આપણે કેવી રીતે લોકોને ઉપયોગી થઈએ તેના પર વાત કરી હતી. સમારોહમાં ગુરુજનો અને અન્ય સેવક ગણનું વિદ્યાર્થીઓ દ્વારા શાલથી સન્માન કરાયું હતું. આ સ્નેહ મિલન સમારોહ સાદરાના ઈતિહાસમાં એક મહત્વનો પ્રસંગ બની રહયો હતો. કાર્યક્રમના આયોજનમાં અધ્યાપક મોતીભાઈ દેવું, ડો. રાજેન્દ્રભાઈ જોશી, ડો. ગાયત્રીદત્ત મહેતા, મનીષભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ, શૈલેન વાઘેલા, ડો. દિવ્યેશ ભટ્ટ, ડો. કનુભાઈ વસાવા, અમરેન્દ્રભાઈ પાંડેએ સક્રિય ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.દિવ્યેશભાઈ ભટ્ટે કર્યું અને મોતીભાઈ દેવુએ આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમના અંતે 'એક જ ડાળના પંખી' સમૂહગાન કરી સૌ છુટા પડ્યા હતા.

# પ્રૉ. ધાર્મિની મહેતા પીઍચડી થયાં



ગાંધીનગર, તા. ૬

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના પ્રૉ. ધાર્મિની જે મહેતાએ 'એ સ્ટડી ટુ એનલાઈસીસ ધ મૅનેજમૅન્ટ ઑફ લર્નર સપોર્ટ સર્વિસિસ સિસ્ટમ ઈન ડિસ્ટન્સ ઍજ્યુકેશન વીથ રૅફરન્સ ટુ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત' વિષય પર ઍસઍલવી ઉપાધ્યાય આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી, અમદાવાદના આચાર્ય ડૉ. જે એ સરવૈયાના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કરી કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં રજૂ કરતાં વિશ્વવિદ્યાલય દ્વારા તેમને પીઍચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

કૉલેજ પરિવાર તરફથી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# રવિવારે ભરત ત્રિવેદીના કાવ્ય સંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૦

આગામી રવિવારે અમદાવાદ ખાતે અમેરિકા સ્થિત કવિ ભરત ત્રિવેદીના કાવ્ય સંગ્રહના વિમોચન માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. 'ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ' શિર્ષક ધરાવતા આ કાવ્ય સંગ્રહનું વિમોચન તા. ૧૦ એપ્રિલના રોજ સાંજે ૬.૩૦ કલાકે આત્મા હોલ, અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસિએશન, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. ડૉ. સુમન શાહના હસ્તે આ કાવ્ય સંગ્રહનું વિમોચન કરવામાં આવશે તથા અતિથિ વિશેષ તરીકે જ્ઞાનપીઠ પુરસ્કૃત રઘુવીર ચૌધરી ઉપસ્થિત રહેશે અને વક્તવ્ય આપશે. ચિનુ મોદી તથા ડૉ. જગદીશ ગુર્જર કવિતા વિશે વાત કરશે, ભરત ત્રિવેદીનાં કાવ્યોનો પાઠ નિમેષ દેસાઈ કરશે. કવિ સંમેલનમાં કવિ ચિનુ મોદી, યોગેશ જોષી, ઉષા ઉપાધ્યાય, વિવેક કાણે, અશોક ચાવડા 'બેદિલ', હરદ્વાર ગોસ્વામી, ભરત ભટ્ટ 'પવન', મનિષ પાઠક 'શ્વેત' અને ભરત ત્રિવેદી પોતાની કવિતાનો પાઠ કરશે.

# ચાર થાંભલા ઉપર ડાયાબિટીસનો મહેલ બને છે



**પ્રસંગસર**
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

વૈશ્વિક આરોગ્ય જાગૃતિના હેતુસર ૧૯૪૮માં, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા પ્રથમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું અને ત્યારબાદ, ૧૯૫૦થી દર વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્પોન્સરશિપ હેઠળ ૭ એપ્રિલને 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.

વૈશ્વિક જાહેર આરોગ્યની ચિંતા કરતી આ સંસ્થા દર વર્ષે વૈશ્વિક આરોગ્યને મહત્વ આપતી એક થીમને લઈને તે અંગે વિશ્વભરનું ધ્યાન ખેંચવા માટે આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક કક્ષાએ તેની ઉજવણી કરે છે.

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે આરોગ્ય ક્ષેત્રે સંકળાયેલી વિવિધ સરકારી અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા જાહેર આરોગ્યના મુદ્દાઓને લઈને આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે.

' Halt the rise, Beat Diabetes 'ના ૨૦૧૬ના આ થીમને લઈ આ વર્ષે દ્વારા ડાયાબિટીસના રોગને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. WHOનો ૨૦૧૬નો ગોલ ડાયાબિટીસ વિશે લોકોમાં જાગૃતિ કેળવી અને તેના દર્દીઓની સંખ્યામાં વધારો ન થાય તેમજ તેની યોગ્ય સારવાર અને નિયંત્રણ કરવાનો છે. ઉપરાંત, ડાયાબિટીસ થવા માટેના જોખમી પરિબળો, તેની જટીલતા, નિદાન અને સારવાર માટે આંતરરાષ્ટ્રીય ધોરણો અને નિયમો અપનાવવાનો છે. ફાંદ, આનુવંશિકતા, વધારે પડતું ખાવું અને કસરતની અછત - આ ચાર થાંભલા ઉપર ડાયાબિટીસનો મહેલ બને છે.

**ડાયાબિટીસ**

વિશ્વમાં ૩૪૭ મિલિયન લોકો ડાયાબિટીસથી પીડાય છે. ૨૦૩૦ સુધીમાં મૃત્યુના અનેક કારણોમાં ડાયાબિટીસનો સાતમો ક્રમ થવા જઈ રહ્યો છે. ડાયાબિટીસ મુખ્યત્વે બે પ્રકારના હોય છે. ટાઈપ - ૧, જેમાં ઈન્સ્યુલીનનો સ્રાવ ઓછો ઉત્પન્ન થાય છે અને ટાઈપ - ૨માં વધતી ઉંમરની સાથે ઈન્સ્યુલીનની અસરકારકતા ઘટે છે. મોટાભાગે ૯૦% ડાયાબિટીસ ટાઈપ - ૨ જોવા મળે છે. આમ, ટાઈપ -૨ ડાયાબિટીસ, ટાઈપ - ૧ની સરખામણીમાં ઘણું વધારે છે. ૨૦૧૨માં ૧.૫ મિલિયન લોકોના ડાયાબિટીસને કારણે મૃત્યુ થયા હતાં. તેમાંના ૮૦% લોકો આર્થિક રીતે મધ્યમ-કે નબળા દેશોના જણાયા હતા. ડાયાબિટીસના કારણે અંધાપો, પગનો સડો, અને કિડનીને નુકશાન થાય છે. દવા, ૩૦ મીનીટની નિયમિત કસરત અથવા વોકીંગ, માપસરનું વજન જાળવી રાખવાથી અને ઓછી શર્કરા ( લો કેલેરી )વાળો ખોરાક લેવાથી ટાઈપ-૨ ડાયાબિટીસને અટકાવી શકાય છે.

ટાઈપ - ૧ ડાયાબિટીસમાં નાનપણથી જ કુદરતી રીતે ઈન્સ્યુલીનનું ઉત્પાદન થતું નથી તેથી તેને અટકાવવો શક્ય નથી. ટાઈપ - ૩ ડાયાબિટીસ સગર્ભાવસ્થા દરમ્યાન જોવા મળે છે. જે પ્રસુતિ બાદ નોર્મલ થઈ જાય છે. આવી બહેનોને સગર્ભાવસ્થા દરમ્યાન કોમ્લીકેશન થવાની શક્યતા વધારે રહે છે. અને મોટી ઉંમરે તેઓને ટાઈપ-૨ પ્રકારનો ડાયાબિટીસ થવાની શક્યતા પણ વધારે રહે છે. હૃદયની બિમારીના કારણે મૃત્યુ પામનાર દર્દીમાં ૫૦% થી ૬૦% દર્દીઓને ડાયાબિટીસ હોવાનું જણાયું છે.

(સૌજન્ય : ડો. મિણલ એસ. ગઢવી, આસી.પ્રોફેસર, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ)

sscharan_aaa@yahoo.co.in

